# KRISHNA SCHOOL - JAMNAGAR

ROYAL PUSHPA PARK, 80FT. ROAD, KHODIYAR COLONY, JAMNAGAR. PH.(0288)-2710292

## સ્ટૂડન્ટસ અને પેરેન્ટસ માટે ખૂબ જ અગત્યની માહિતી

## ધોરણ – 10 પછી સાયન્સમાં આગળ વધવા આટલુ જાણીએ.

❖ **સાયન્સ ફિલ્ડ વિષે ટૂંકી માહિતી :-**

વૈશ્વિક સ્તરે થતા ટેકનોલોજીના વિકાસથી રોજગારીની તકો વધી છે. નવા સંશોધનો અને સુવીધાઓથી દરેક ફીલ્ડ ખૂબ મોટા બન્યા છે. મેડિકલ કે એન્જીનીયરીંગ ક્ષેત્રમાં નવુ જાણતા રહી પોતાના ક્ષેત્રનું નોલેજ ધરાવતા વ્યકિતની હંમેશા માંગ રહેશે જ. સાયન્સની કોઈપણ બ્રાંચ હોય "નોલેજ" અને અનુભવ તથા નવી ટેકનોલોજી અપનાવવાના કે શીખવાના ઉત્સાહી વ્યકિત માટે કયારેય કોઈ ફીલ્ડ નબળુ નથી. શહેરો મુજબ વિકાસ જૂદો હોય શકે, જેમ કે, બેંગલોર - કોમ્પ્યુટર અને સોફટવેર માટે જાણીતું છે. ગુજરાતમાં - લોખંડ, બ્રાસ, ડાયમંડ, કાપડ ઉદ્યોગ વધુ છે.

❖ **ધોરણ - 10 ની બોર્ડ પરિક્ષાના પરિણામના આધારે :-**

ધોરણ - 10 ની બોર્ડ પરિક્ષાના પરિણામમાં ગણિત-વિજ્ઞાન અને અંગ્રેજી વિષયોમાં 70% માર્કસ કે તેથી વધુ માર્કસ હોય તો સાયન્સ રાખી આગળ વધવું જોઈએ. જો 70% કે તેથી ઓછા માર્કસ હોય તો પણ સાયન્સ રાખી શકાય પરંતુ વિદ્યાર્થીએ વધારે મહેનત કરવી જરૂરી બની જાય અને ગણિત-વિજ્ઞાન-અંગ્રેજી વિષયોનું પાયાનું જ્ઞાન હોવું કે જાણવું જરૂરી છે.

❖ **ગ્રુપ વિશે માહિતી :-**

| | એન્જીનીયરીંગ ક્ષેત્રમાં આગળ વધવા માટે. | મેડિકલ અને પેરામેડિકલ ક્ષેત્રમાં આગળ વધવા માટે. |
|---|---|---|
| | ગ્રુપ - A | ગ્રુપ - B |
| વિષયો | Physics | Physics |
| | Chemistry | Chemistry |
| | Maths | Biology |
| | English | English |
| | Computer | Computer |

**ક્રિષ્ના સ્કૂલ દર વર્ષે ધોરણ – 10માં શ્રેષ્ઠ પરિણામ આપતી રહી છે.**
**90 PR ઉપર 79 વિદ્યાર્થીઓ**
**(વર્ષ: 2016)**

❖ Physics → એટલે ભૌતિકવિજ્ઞાન જેમાં યંત્રો, સંદેશાવ્યવહાર, ઈલેક્ટ્રોનિક્સ, ઈલેક્ટ્રીકલ વસ્તુઓમાં ઉપયોગમાં આવતા વિજ્ઞાનની સમજ.

❖ Chemistry → એટલે રસાયણવિજ્ઞાન જેમાં રસાયણો,તત્વો,પદાર્થોના ગુણધર્મો,પ્રક્રિયાઓ,અવસ્થાની માહિતી અને વૈજ્ઞાનિક સમજૂતી.

❖ Biology → એટલે જીવવિજ્ઞાન જેમા કોષો,પેશી,અંગો,શરીરવિજ્ઞાન,શરીરની ક્રિયાઓ,વનસ્પતિ,પ્રાણીઓ અને પર્યાવરણની માહિતી.

❖ Maths → એટલે ગણિત જેમાં, અંકગણિત, ત્રિકોણમીતી, બીજગણિત, યામ ભુમીતી વિશેની માહિતી

❖ ***એક વખત ગ્રુપ નક્કી થયા બાદ ગ્રુપ બદલી શકાતુ નથી એટલે ધો.-11 ની શરૂઆતના દિવસોમાં જ ગ્રુપ વ્યવસ્થિત નક્કી કરી લેવું.***

❖ **સાયન્સમાં કયુ ગ્રુપ રાખવું ? તે કેમ નક્કી કરવું ?**

- ગણિત વિષયમાં વધુ રસ હોય તો A - ગ્રુપ પસંદગી આપી શકાય. ગણીત વિષયમાં રસ ન હોય તો B - ગ્રુપ પસંદ કરવું.
- પિતાનો વ્યવસાય કયો છે ? અને ફેમીલી કયાં વ્યવસાય તરફ આગળ વધી રહ્યુ છે ? - ડોકટર, કોન્ટ્રાકટર, એન્જીનીયર, ફેકટરી.
- વિદ્યાર્થીએ કયાં ક્ષેત્રમાં આગળ વધવું છે ?
- ઘરની ફાયનાન્સીયલ (નાણાકીય) સ્થિતી શું છે ?
- ભવિષ્યમાં કયાં ક્ષેત્રની ડિમાન્ડ હશે ?

**ક્રિષ્ના સ્કૂલમાં ધોરણ – 11ની શરૂઆતમાં બંને ગ્રુપ ભણાવવામાં આવશે. જેથી વિદ્યાર્થીઓ યોગ્ય નિર્ણય લઈ શકે.**

❖ **<u>સાયન્સ વિશે માહિતી :-</u>**

- **<u>ધોરણ - 11</u>**

✓ 11 સાયન્સની પરીક્ષા સ્કૂલ દ્વારા જ લેવામાં આવે છે, પરંતુ NEET/JEE માં 11 સાયન્સનો Syllabus આવતો હોવાથી તે પણ ખુબ જ અગત્યનું વર્ષ ગણવામાં આવે છે.

✓ 11 માં વિદ્યાર્થીએ કુલ ત્રણ પરીક્ષા આપવાની હોય છે. જે સ્કૂલ દ્વારા જ લેવામાં આવે છે.

✓ પ્રથમ પરીક્ષા ભાગ-1 ના કોર્ષની હોય છે જે 50 માર્કસની હોય છે. જેમા 25 માર્કસના MCQ અને 25 માર્કસની થીયરી હોય છે.

✓ બીજી પરીક્ષા ભાગ-2 ના કોર્ષની હોય છે જે 50 માર્કસની હોય છે. જેમા 25 માર્કસના MCQ અને 25 માર્કસની થીયરી હોય છે.

✓ ત્રીજી પરીક્ષા Full Course ની હોય છે જેને વાર્ષિક પરીક્ષા કહે છે. જે 80 માર્કસની હોય છે. જેમા 40 માર્કસના MCQ અને 40 માર્કસની થીયરી હોય છે.

- **<u>ધોરણ - 12</u>**

❖ **<u>પરીક્ષા પધ્ધતિ :-</u>** કુલ 100 માર્કસનું પેપર હોય છે જેમાં, 50 પ્રશ્નો MCQ પ્રકારના હોય છે. 50 પ્રશ્નો થીયરી પ્રકારના હોય છે.

<table>
<tr><th>ક્રમ</th><th>વિષય</th><th>ટોટલ માર્કસ</th><th>પાસ થવા જરૂરી માર્કસ</th><th>મહત્વની બાબત</th></tr>
<tr><td>1</td><td>Physics</td><td>100</td><td>33</td><td rowspan="4">આ મુખ્ય ત્રણ વિષયોમાંથી મેળવેલ માર્કસ મેડિકલ - એન્જીનીયરીંગના એડમીશન મેરીટમાં ગણવામાં આવે છે.</td></tr>
<tr><td>2</td><td>Chemistry</td><td>100</td><td>33</td></tr>
<tr><td>3</td><td>Maths</td><td>100</td><td>33</td></tr>
<tr><td>3</td><td>Biology</td><td>100</td><td>33</td></tr>
<tr><td>4</td><td>English</td><td>100</td><td>33</td><td rowspan="2">ગુજરાતમાં મેડિકલ - એન્જીનીયરીંગના એડમીશન મેરીટમાં આ માર્કસ ગણવામાં આવતા નથી.<br>■ પાસ થવું જરૂરી છે. જો બે વિદ્યાર્થીનું મેરીટ સરખુ થાય તો આ વિષયોના માર્કસ ધ્યાને લેવાય.</td></tr>
<tr><td>5</td><td>Computer</td><td>100</td><td>33</td></tr>
<tr><td rowspan="3">પ્રેક્ટિકલ</td><td>Physics</td><td>50</td><td>18</td><td rowspan="3">■ પ્રેક્ટીકલ પરીક્ષા સ્કૂલ દ્વારા લેવામાં આવે છે.<br>■ સ્કૂલ તેના માર્કસ બોર્ડમાં મોકલે છે.<br>■ મેરીટમાં આ માર્કસ ગણવામાં આવતા નથી.</td></tr>
<tr><td>Chemistry</td><td>50</td><td>18</td></tr>
<tr><td>Biology</td><td>50</td><td>18</td></tr>
</table>

**ક્રિષ્ના સ્કૂલ દ્વારા સાયન્સમાં જરૂરી પ્રેક્ટીકલ જ્ઞાન માટે તૈયાર કરાયેલ આધુનિક સુવિધાયુકત ફિઝીકસ, કેમેસ્ટ્રી, બાયોલોજી, કમ્પ્યુટરની અલગ અલગ લેબોરેટરી.**

❖ **<u>વાર્ષિક સીસ્ટમનો ફાયદો :-</u>**

- વિદ્યાર્થીને દર 6 મહિને બોર્ડની પરીક્ષા આપવાની રહેતી નથી.
- વિદ્યાર્થીને 2 વર્ષ સતત મહેનત કરવાનો સમય મળે છે, તેથી વિદ્યાર્થી પુરતી મહેનત કરી પરીક્ષા આપી શકે છે.

❖ **<u>વાર્ષિક સીસ્ટમથી થતુ નુકશાન :-</u>**

- બોર્ડની પરીક્ષા ફકત એક જ વખતમાં લેવાની હોવાથી વિદ્યાર્થીએ બધુ એકી સાથે યાદ રાખવું પડે છે.
- જો વિદ્યાર્થી તે પરીક્ષામાં નાપાસ થાય તો સેમેસ્ટર સીસ્ટમની જેમ તેને બીજા ચાન્સ મળતા નથી.

**ક્રિષ્ના સ્કૂલમાં દરેક વિદ્યાર્થી પર વ્યકિતગત ધ્યાન આપવામાં આવે છે. સેમેસ્ટર મુજબ અભ્યાસક્રમનું માઈક્રોપ્લાનીંગ**

❖ **<u>NEET/JEE/GujCET શું છે ?</u>**

- NEET - નેશનલ એલીજીબીલીટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (ફકત B ગ્રુપના વિદ્યાર્થીઓ માટે)
- JEE - જોઈન્ટ એન્ટ્રન્સ એકઝામ (ફકત A ગ્રુપના વિદ્યાર્થીઓ માટે)
- GujCET - ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (A & *B* બન્ને ગ્રુપના વિદ્યાર્થીઓ માટે)

❖ **<u>NEET (ઓલ ઈન્ડીયા લેવલે લેવાતી પરીક્ષા છે)</u>**

- સાયન્સમાં B ગ્રુપના વિદ્યાર્થીઓએ 11 & 12 બોર્ડની પરીક્ષા પૂર્ણ કર્યા બાદ May મહિનામાં આ પરીક્ષા આપવાની હોય છે.

- NEET માં 11 & 12 સાયન્સ નાં કોર્ષ ઉપરાંત 20% Extra Course એટલે કે NEET દ્વારા આપવામાં આવેલ કોર્ષ મુજબ MCQ પ્રકારની પરીક્ષા હોય છે.
- NEET પરીક્ષા એક જ દિવસમાં હોય છે.
- વિદ્યાર્થીઓ ગુજરાતી અથવા અંગ્રેજી ભાષામાં પરીક્ષા આપી શકશે.

| વિષય | પ્રશ્નોની સંખ્યા | માર્કસ | સમય |
|---|---|---|---|
| Physics | 45 | 180 | --- |
| Chemistry | 45 | 180 | --- |
| Biology | 90 | 360 | --- |
| | કુલ માર્કસ | **720** | **180 મીનીટ** |

- પ્રશ્નો MCQ પ્રકારના, એક પ્રશ્નના ચાર માર્કસ હોય છે.
- નેગેટીવ માર્કીંગ સીસ્ટમ :- ધારો કે એક પ્રશ્નનો જવાબ લખો અને તે સાચો પડે તો ચાર માર્કસ મળે અને તે જવાબ ખોટો પડે તો પાંચ માર્કસ કપાય. (−1 System)
- આ પરિક્ષા ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં લેવાય છે.

❖ **JEE (ઓલ ઈન્ડીયા લેવલે લેવાતી પરીક્ષા છે)**

- A ગ્રુપના વિદ્યાર્થીઓ કે જેઓ NIT/IIT માં એડમિશન લેવા ઈચ્છે છે તે વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપવી ફરજીયાત છે.
- જો કોઈ વિદ્યાર્થી ગુજરાત બહાર એન્જીનીયરિંગ કરવા જવાના હોય તેમણે પણ આ પરીક્ષા આપવી ફરજીયાત છે.
- સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને બોર્ડ પરીક્ષા પૂર્ણ થયા પછી એપ્રીલ માસમાં આ પરીક્ષા આપવાની હોય છે.
- JEE માં 11 & 12 સાયન્સનો કોર્ષ + 20% CBSE કોર્ષ મુજબ MCQ પ્રકારની પરીક્ષા હોય છે.
- JEE (Main) પરીક્ષા :- એક જ દિવસમાં હોય છે.

| વિષય | પ્રશ્નોની સંખ્યા | માર્કસ | સમય |
|---|---|---|---|
| Physics | 30 | 120 | --- |
| Chemistry | 30 | 120 | --- |
| Maths | 30 | 120 | --- |
| | કુલ માર્કસ | **360** | **180 મીનીટ** |

- પ્રશ્નો MCQ પ્રકારના, એક પ્રશ્નના ચાર માર્કસ હોય છે.
- નેગેટીવ માર્કીંગ સીસ્ટમ :- ધારો કે એક પ્રશ્નનો જવાબ લખો અને તે સાચો પડે તો ચાર માર્કસ મળે અને તે જવાબ ખોટો પડે તો પાંચ માર્કસ કપાય. (−1 System)
- આ પરિક્ષા ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં લેવાય છે.

**ધોરણ 11 & 12 ની સાથે સાથે NEET/JEE/GujCETની તૈયારી, સ્ટાન્ડર્ડ મટીરીયલ્સ અને રેફરન્સ બુક માટે લાઈબ્રેરી.**

❖ **JEE (Advance)**

JEE (Main) પરીક્ષાના મેરીટ પરથી સમગ્ર ભારતમાંથી 2,00,000/− વિદ્યાર્થીઓને સીલેકટ કરવામાં આવે છે. આ વિદ્યાર્થીઓ JEE (Advance) આપી શકે છે. JEE (Advance) માં મેરીટ ઉપરથી IIT - એન્જીનીયરીંગ કોલેજમાં એડમીશન મળે છે. આ પરિક્ષા અંગ્રેજી ભાષામાં હોય છે.

**ક્રિષ્ના સ્કૂલ – જામનગરના JEE (Advance) માટે 07 વિદ્યાર્થીઓનું સિલેકશન.**

❖ **GujCET (ગુજરાત લેવલે લેવાતી પરીક્ષા છે.)**

- સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ધોરણ 12 ની પરીક્ષા પૂર્ણ થયા બાદ મે માસમાં આ પરિક્ષા આપવાની હોય છે.
- GujCET માં ધોરણ 12 સાયન્સનો કોર્ષ હોય છે. MCQ પ્રકારની પરીક્ષા હોય છે.
- GujCET પરિક્ષા - એક જ દિવસમાં હોય છે.
- A ગ્રુપના વિદ્યાર્થીઓને ગુજરાત રાજયમાં ACPC ને સંલગ્ન કોલેજમાં Admission લેવા માટે ફરજીયાત આ પરીક્ષા આપવાની હોય છે.
- B ગ્રુપના વિદ્યાર્થીઓને ફાર્મસીમાં Admission લેવા માટે ફરજીયાત આ પરીક્ષા આપવાની હોય છે.
- Exam Pattern: –

| વિષય | પ્રશ્નોની સંખ્યા | માર્કસ | સમય |
|---|---|---|---|
| Physics | 40 | 40 | **2 કલાક** |
| Chemistry | 40 | 40 | |
| Maths OR Biology | 40 | 40 | **1 કલાક** |
| | કુલ માર્કસ | **120** | **3 કલાક** |

- Physics – Chemistry નું પેપર સાથે રહેશે. જેનો સમય 2 કલાકનો રહેશે.
- ત્યારબાદ Maths અથવા Biology નું પેપર રહેશે, જેનો સમય 1 કલાકનો રહેશે.

- પ્રશ્નો MCQ પ્રકારના, એક પ્રશ્નનો એક માર્કસ હોય છે.
- નેગેટીવ માર્કીંગ સીસ્ટમ :- ધારો કે, એક પ્રશ્નનો જવાબ લખો અને જો તે સાચો પડે તો એક માર્કસ મળે અને જો ખોટો પડે તો 1.25 માર્કસ કપાય (−0.25 System)
- આ પરિક્ષા ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં લેવાય છે.

| સાયન્સ પછી મળતા અભ્યાસક્રમો | |
|---|---|
| **A - ગ્રુપ રાખેલ હોય તો...** | **B - ગ્રુપ રાખેલ હોય તો...** |
| મીકેનીકલ એન્જીનીયરીંગ | મેડિકલ |
| ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગ | ડેન્ટલ |
| કેમીકલ એન્જીનીયરીંગ | ફીઝીયોથેરાપી |
| સીવીલ એન્જીનીયરીંગ | હોમીયોપેથી |
| ઈન્ફોર્મેશન ટેકનોલોજી | આયુર્વેદ |
| ઈલેક્ટ્રોનીક્સ એન્ડ કોમ્યુનીકેશન | ફાર્મસી |
| કોમ્પ્યુટર એન્જીનીયરીંગ | એગ્રીકલ્ચર |
| મેકાટ્રોનીક્સ | વેટરનરી |
| એરોનોટીકલ એન્જીનીયરીંગ | |
| ઓટોમોબાઈલ એન્જીનીયરીંગ | |

**ક્રિષ્ના સ્કૂલ – જામનગરમાંથી 50 એમ.બી.બી.એસ., 146 મીકેનીકલ એન્જીનીયર, 92 કોમ્પ્યુટર એન્જીનીયર, 110 સીવીલ એન્જીનીયર, 60 ઈલકટ્રીકલ એન્જીનીયર, 59 ઈ.સી.એન્જીનીયર, 30 ઈન્ફોર્મેશન ટેકનોલોજી, 29 ફાર્મસી, 166 બેચલર ઓફ સાયન્સ અને 900 થી વધુ વિદ્યાર્થીઓની શ્રેષ્ઠ કારકીર્દી...**

❖ **સાયન્સમાં ગ્રેડેશન સીસ્ટમ :-**

મુખ્ય પાંચ વિષયો : Physics, Chemistry, English, Biology OR Maths, Computer OR Sanskrit ના આધારે માર્કશીટમાં ગ્રેડ દર્શાવવામાં આવે છે.

| ગ્રેડ | માર્કસ | ગ્રેડ | માર્કસ |
|---|---|---|---|
| A1 | 91 – 100 | C2 | 41 – 50 |
| A2 | 81 – 90 | D | 33 – 40 |
| B1 | 71 – 80 | E1 | 21 – 32 |
| B2 | 61 – 70 | E2 | 20 થી નીચે |
| C1 | 51 – 60 | | |

❖ **PR (Percentile Rank) કેવી રીતે આપવામાં આવે છે.**

- ધારો કે 1300 વિદ્યાર્થી બોર્ડની પરીક્ષા આપે છે. તેમાંથી 1000 વિદ્યાર્થીઓ પાસ થાય છે. હવે આ 1000 પાસ થયેલ વિદ્યાર્થીમાંથી સૌથી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થીનો PR = 99.99 થશે.
- PR જો 80.00 હોયતો તેનો અર્થ એવો થાય કે, 200 વિદ્યાર્થી 80.00 PR મેળવેલ વિદ્યાર્થી કરતા આગળ છે. અને 800 વિદ્યાર્થી તેના કરતા ઓછા માર્કસ ધરાવે છે.

❖ **PR માટેનું સૂત્ર :** $PR = \frac{\text{વિદ્યાર્થીઓની સંખ્યા જે ને તમારાથી ઓછા માર્ક્સ આવેલ હોય}}{\text{કુલ વિદ્યાર્થીઓની સંખ્યા}} \times 100$

**ક્રિષ્ના સ્કૂલ વર્ષ : 2016 નાં પરીણામમાં જામનગર ક્ષેત્રે સૌથી અગ્રેસર 90 PR ઉપર 141 વિદ્યાર્થીઓ.**

❖ **વિશેષ માહિતી માટે સંપર્ક કરો :-**

**KRISHNA SCHOOL - JAMNAGAR**

ROYAL PUSHPA PARK, 80FT. ROAD, KHODIYAR COLONY, JAMNAGAR. PH.(0288)-2710292

# ક્રિષ્ના સ્કૂલ સર્વશ્રેષ્ઠ શા માટે ?

- માત્ર અનુભવી જ નહી પરંતુ સાયન્સમાં સૌથી વધુ વિદ્યાર્થીઓને 90 + માર્ક્સ અપાવી ચુકેલ એક્સપર્ટ ટીચર્સ ટીમ.
- કોર્ષ પૂર્ણ થયા બાદ બોર્ડ પરીક્ષા સુધી નિયમિત પેપર પ્રેક્ટીસ અને પર્સનલ ડીફીકલ્ટી સોલ્યુશન.
- સાયન્સમાં દરેક વિદ્યાર્થીઓને પર્સનલ ટેબ્લેટ જેમા, સાયન્સ વિષયોનું ટેક્સબુક મુજબનું વિડીયો કન્ટેઈન જેથી વિદ્યાર્થીઓ વિષયોને વધુ સમજી શકે અને લાંબા સમય સુધી યાદ રાખી શકે.
- ટેબ્લેટ દ્વારા MCQ એક્ઝામ આપી શકાય અને પ્રેક્ટીસ તેમજ તુરંત જ રિઝલ્ટ મેળવી શકાય.
- સાયન્સમાં કલાસરૂમમાં જરૂરી મુદાઓની પ્રોજેક્ટર પર રજુઆત.
- લાઈબ્રેરીમાં રેફરન્સ બુકની વિશાળ રેન્જ જેથી વિદ્યાર્થીઓ વધુ પ્રેક્ટીસ કરી શકે.
- દરેક સેમેસ્ટરમાં સાયન્સમાં જરૂરી તમામ પ્રેક્ટીકલ કરાવવામાં આવે છે.
- સાયન્સ માટેનું "એજ્યુકેશન એન્વાયરમેન્ટ" ધરાવતી એકમાત્ર સ્કૂલ.

આ માહિતીપત્રક માત્ર સ્ટુડન્ટ્સ અને પેરેન્ટ્સને ટૂંકમાં સરળ ભાષામાં માહિતી આપવા અને અંગત ઉપયોગ માટે છે.